# સાબરકાંઠાના સહકારી રાજકારણમાં ધરતીકંપ : ડેરીના ચેરમેનનું રાજીનામુ

**૧૬૨ દિવસ અગાઉ ચેરમેન તરીકે સાબરકાંઠા બેંકના ચેરમેન મહેશભાઈ પટેલે પેરાસુટ એન્ટ્રી કરી હતી : કેટલાક ડિરેક્ટરોએ ચેરમેનની વરણીને હાઈકોર્ટમાં પડકારી હતી : કામચલાઉ ધોરણે ચેરમેનનો ચાર્જ વાઈસ ચેરમેનને સોંપાયો**

હિંમતનગર, તા. ૨૭

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના દૂધ ઉત્પાદકો માટે સાબરડેરી જીવાદોરી સમાન છે. ત્યારે વર્ષો પછી પાંચેક માસ અગાઉ સહકારી રાજકારણીઓના કાવાદાવામાંથી પાર ઉતરેલી સાબરડેરીના બોર્ડ ઓફ ડિરેક્ટરની ચૂંટણી યોજાયા બાદ તત્કાલીન સમયે ડેરીના ચેરમેન તરીકેનો તાજ સાબરકાંઠા બેંકના ચેરમેન મહેશભાઈ પટેલને સર્વ સમંમતીથી પહેરાવવામાં આવ્યો હતો. તે પછી સહકારી રાજકારણમાં પક્ષીય રાજકારણે કરેલા ચંચુપાત બાદ ડેરીના ચેરમેને ૧૬૨ દિવસ પછી ચેરમેન પદેથી બુધવારે બંધ કવરમાં રાજીનામુ આપીને એમ.ડી.ને મોકલી આપ્યુ હતુ અને તરત જ ચેરમેનનો ચાર્જ વાઈસ ચેરમેનને અપાયો છે. સહકારી રાજકારણના બુધવારના ઘટનાક્રમને સહકારી અગ્રણીઓ વિવિધ રીતે મુલવી રહ્યા છે.

આ અંગેની વિગત એવી છે કે સાબરડેરીને બોર્ડ ઓફ ડિરેક્ટરની ચૂંટણી અગાઉ ૧૬ પૈકી ૧૨ બેઠકો સહકારી અગ્રણીઓના પ્રયાસથી બિનહરીફ થઈ હતી. ત્યારબાદ ચાર બેઠકોની ચૂંટણીમાં અપેક્ષિત પરીણામ આવ્યા બાદ તત્કાલીન સમયે પ્રાંત અધિકારીની ઉપસ્થિતિમાં ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી યોજાઈ હતી. જેમાં સાબરકાંઠા બેંક વતી ડેરીમાં નોમીનેટ થયેલા બેંકના ચેરમેન મહેશભાઈ પટેલે ચેરમેન પદ માટે પેરાસુટ એન્ટ્રી કરતા તેઓ સર્વ સંમતીથી ચૂંટાયા હતા અને વાઈસ ચેરમેન પણ અરવલ્લી જિલ્લામાંથી પસંદ કરાયા હતા.

તો બીજી તરફ ડેરીના ચૂંટાયેલા ડિરેક્ટર જયંતીભાઈ પટેલે ચેરમેનની નિમણુંકથી નારાજ થઈને હાઈકોર્ટમાં તથા મહેસાણાની નોમીનીઝ કોર્ટમાં દાદ માંગી હતી. આ બંને કેસનો નિવેડો આવ્યો નથી ત્યારે તેમાં પક્ષીય રાજકારણના કેટલાક ઉચ્ચ પદાધિકારીઓએ ચંચુપાત કરીને સહકારી રાજકારણમાં પગપેસારો કરીને નવો ચિલો ચાતરવાનો પ્રયાસ કર્યો હોવાનું સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી લોક મુખે ચર્ચાઈ રહ્યું છે. તો બીજી તરફ પેરાસુટ એન્ટ્રી કરીને સાબરડેરીમાં ચેરમેન બનેલા મહેશભાઈ પટેલે બુધવારે એક બંધ કવરમાં ચેરમેન પદેથી રાજીનામુ આપતો પત્ર ડેરીના એમ.ડી. ડૉ. બી.એમ. પટેલને મોકલી આપતા જિલ્લાના સહકારી રાજકારણમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

ત્યારબાદ નીયમોને આધીન રહીને એમ.ડી.એ નવા ચેરમેનની ચૂંટણી ન થાય ત્યાં સુધી ચેરમેનનો ચાર્જ સાબરડેરીના વાઈસ ચેરમેન જયંતીભાઈ પટેલનો સોંપતો પત્ર મોકલી આપ્યો હતો અને તેની જાણ પણ કરી દેવાઈ છે. દરમ્યાન સાબરડેરીના ચેરમેને આપેલા રાજીનામા બાદ ડેરીના અન્ય ડિરેક્ટરો સાબરડેરી ખાતે દોડી આવ્યા હતા અને હવે પછી નવા ચેરમેન કોણ બનશે તેના સમીકરણો ગોઠવવામાં મશગુલ બની ગયા હોવાનુ આધારભુત સુત્રોમાંથી જણાવાયુ છે.

### કોર્ટ કેસ પાછા ખેંચાશે

સાબરડેરીના ચેરમેનની નિમણુંકને લઈને હાઈકોર્ટ અને નોમીનીઝ કોર્ટમાં જે કેસ ચાલી રહ્યા છે તે આગામી દિવસોમાં પરત ખેંચી લેવામાં આવશે. એમ ચેરમેનની નિમણુંકથી નારાજ થયેલા જુથના એક સભ્યએ નામ ન આપવાની શરતે જણાવ્યું છે.

### ડેરીના એમ.ડી. શું કહે છે

ડેરીના ચેરમેન પદેથી મહેશભાઈ પટેલે આપેલા રાજીનામા બાદ તેમનો ચાર્જ કામચલાઉ ધોરણે વાઈસ ચેરમેન જયંતીભાઈ પટેલને સોંપાયો છે. અને હવે પછી નવા ચેરમેનની ચૂંટણી કરવા માટે ડેરી દ્વારા જિલ્લા કલેક્ટરને દરખાસ્ત મોકલી જાણ કરાશે. ત્યારબાદ કલેક્ટરના આદેશથી આગામી દિવસોમાં જાહેરનામુ બહાર પાડી ચેરમેનની ચૂંટણી યોજવા માટે ડિરેક્ટરોને જાણ કરી દેવાશે એમ સાબરડેરીના એમ.ડી. ડૉ. બી.એમ. પટેલે જણાવ્યુ છે.

# ગોલ્ડન બ્રીજ પર નર્મદા નદી ભયજનક સપાટીએ

**૪૦થી વધુ ગામડાઓને એલર્ટ કરવામાં આવ્યા : કાંઠા વિસ્તારમાં રહેતા લોકો માટે સાવચેતીના પગલાઓ ઉપરવાસથી પાણીની આવકથી ૨૩ દરવાજાને ખોલાયા**

અમદાવાદ, તા.૨૭

કેવડિયા ખાતે ઉપરવાસમાંથી સતત પાણી છોડવામાં આવતા નર્મદા ડેમની સપાટીમાં સતત વધારો થઈ રહ્યો છે. નર્મદા ડેમની સપાટી હાલ ૧૩૩.૮૪ મીટર પર પહોંચી ગઈ છે. ઉપરવાસમાંથી ૫,૫૫,૦૨૧ ક્યૂસેક પાણીની આવકને પગલે ડેમના ૨૩ દરવાજા ખોલીને હાલ ૪,૦૪,૯૦૦ ક્યૂસેક પાણી નર્મદામાં છોડાઈ રહ્યું છે. નર્મદા નદીના કાંઠા વિસ્તારના ૪૦થી વધુ ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે. રિવરબેડ પાવર હાઉસ અને ૨૩ ગેટ બંને મળીને ૪,૭૧,૫૯૬ ક્યૂસેક પાણી નર્મદામાં ઠલવતા નર્મદા નદી બે કાંઠે વહી રહી છે અને કેવડિયાનો ગોરા બ્રિજ પાણીમાં ગરકાવ થઈ ગયો છે. ગોર બ્રિજ ઉપરથી ત્રણ મીટર પાણી વહી રહ્યું છે. જેથી નર્મદા, ભરૂચ અને વડોદરા જિલ્લાના કાંઠાના ૪૦થી વધુ ગામોને એલર્ટ કરી દેવાયા છે.

ભરૂચ પાસેના ગોલ્ડન બ્રિજ નીચેથી પસાર થતી નર્મદા નદીએ ભયજનક સપાટી વટાવી દીધી છે. ગોલ્ડન બ્રિજે નર્મદા નદીની ૨૫.૨૫ ફૂટે પહોંચી ગઈ છે. જેને પગલે કાંઠા વિસ્તારના લોકોને એલર્ટ કરી દેવામાં આવ્યા છે. નર્મદા નદીમાં પણ જળસપાટી વધી રહી છે અને ડેમમાં પણ જળસ્તર વધતાં ખેડૂતઆલમમાં ભારે ખુશીની લાગણી પ્રસરી ગઈ છે. ખાસ કરીને ખેડૂતોને હવે ખેતી અને સિંચાઈના પાણી મળવાની ચિંતા હલ થઈ ગઈ હોઈ સારા પાકની આશા બંધાઈ છે.





**રમોસ-૧-૨ આંગણવાડી કેન્દ્રમાં જન્માષ્ટમી પર્વની ઉજવણી**

જન્માષ્ટમીના પર્વની દેશભરમાં ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. વિવિધ શાળાઓ આંગણવાડી કેન્દ્રો પર પણ જન્માષ્ટમીના પર્વની ઉજવણી કરવામાં આવી હતી, ત્યારે ધનસુરા તાલુકાના રમોસ-૧-૨ આંગણવાડી કેન્દ્રમાં જન્માષ્ટમી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વાલીઓ, આંગણવાડી કાર્યકરો, તેડાગરની બહેનો ઉપસ્થિત રહી હતી. ધનસુરા સુપરવાઈઝર નિહારિકાબેન પટેલની ઉપસ્થિતિમાં આ પર્વની ઉજવણી કરવામાં આવી હતી.

# પ્રાંતિજમાં એક ઈંચ અને તલોદમાં સામાન્ય વરસાદ

હિંમતનગર, તા. ૨૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ અને તલોદ તાલુકાના મંગળવાર રાતથી બુધવારે બપોર સુધીમાં મેઘરાજાની મહેર ચાલુ રહી હતી. જેના પરીણામ સ્વરૂપે પ્રાંતિજમાં ૧ ઈંચ અને તલોદમાં અડધા ઈંચથી ઓછો વરસાદ પડતા વાતાવરણ ઠંડુગાર બની ગયું છે. જોકે હિંમતનગર સહીત બાકીના તાલુકાઓમાં વરસાદ થયો ન હોવાના ડિઝાસ્ટર વિભાગના સુત્રોમાંથી જણાવાયુ છે.

સાબરકાંઠામાં છેલ્લા ત્રણ દિવસથી ધીમી ધારે પડી રહેલા વરસાદને કારણે ખેતીના પાકોને જોરદાર ફાયદો થયો છે. દરમ્યાન હવામાન વિભાગની આગાહી મુજબ આગામી તા. ૨ સપ્ટેમ્બર સુધી વરસાદ થવાની શક્યતા છે ત્યારે સાબરકાંઠાના પણ તેમાં સમાવેશ થઈ જાય છે. જોકે અન્ય જિલ્લાઓની જેમ સાબરકાંઠામાં હજુ સુધી ભારેથી અતિભારે વરસાદ ન થવાને કારણે તળાવો, ચેકડેમ તથા મોટા જળાશયોમાં પાણીની સંતોષકારક આવક થઈ નથી.

દરમ્યાન મંગળવારે રાત્રે અને બુધવારે વહેલી સવારે પ્રાંતિજ અને તલોદ તાલુકાઓમાં પવન સાથે જોરદાર વરસાદ શરૂ થયો હતો. ડિઝાસ્ટર વિભાગના જણાવાયા મુજબ બુધવારે બપોર સુધીમાં પ્રાંતિજ તાલુકામાં અંદાજે ૨૪ મીમી અને તલોદમાં ૭ મીમી વરસાદ પડ્યો હતો. જેના લીધે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે. દરમ્યાન હિંમતનગર, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, પોશીના અને વિજયનગર પંથકમાં બુધવારે આખો દિવસ આકાશ વાદળોથી ઘેરાયેલુ રહ્યું હતું. જેના લીધે વરસાદ થવાની શક્યતા આ વિસ્તારના લોકો દર્શાવી રહ્યા છે.



**ભિલોડાના નવા ભવનાથમાં જન્માષ્ટમી નિમિત્તે મટકી-ફોડનો કાર્યક્રમ યોજાયો**

ભિલોડાના નવા ભવનાથ વિસ્તારમાં જન્માષ્ટમીના પાવન પર્વ નિમિત્તે મટકી-ફોડનો કાર્યક્રમ શ્રી ભુવનેશ્વર મહાદેવ મંદીર પરીસરમાં યોજાયો હતો.નવા ભવનાથ ગ્રામજનો, નવયુવાનોની ઉપસ્થિતમાં મટકી-ફોડનો કાર્યક્રમ ઉત્સાહભેર, ભક્તિભાવ પુર્વક યોજાયો હતો.હાથી ઘોડા-પાલખી,જય કનૈયા લાલ કી ના જયઘોષથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. વંશકુમાર સોલંકી, પ્રતિક રાવલ, હર્ષિત રાવલ, બ્રિજેશ રાવલ, ઘનશ્યામ બ્રહ્મભટ્ટ, અજય અસારી સહિત નવયુવાનો અને ગ્રામજનો ધ્વારા મટકી-ફોડનો કાર્યક્રમ યોજાયો હતો.

# ડેમાઈ પંથકના પિતાએ પુત્રીના પ્રેમીની હત્યા કરી મૃતદેહ સળગાવી દીધો

બાયડ તાલુકામાં ભુવા તરીકે જાણીતા શખ્સની સગીર વયની દીકરીને સમાજના જ મનગમતા યુવાન સાથે પ્રેમ સંબંધ બંધાતા અને તેની સાથે લગ્ન કરવાની જીદ પકડતા સમસમી ઉઠેલા પિતાએ પરિવારના સભ્ય અને મળતીયાઓ સાથે મળી યુવતીનું કાસળ કાઢી તેની લાશને તેના વિસ્તારથી દૂર વાત્રક નદીના કિનારે સળગાવી દઈ પુરાવા નાશ કરી દીધા હોવાની ચર્ચાએ સમગ્ર પંથકમાં જોર પકડ્યું છે.

ડેમાઈ જીલ્લા પંચાયત પૂર્વ ઉપપ્રમુખ અને સદસ્ય કીર્તિ પટેલે સોશ્યલ મીડિયામાં સમગ્ર ઘટના અંગે પોસ્ટ વાઈરલ કરતા બાયડ પોલીસ દોડતી થઈ ગઈ છે અને મર્ડર મિસ્ત્રી સંડોવાયેલા પરિવારના ૩ થી વધુ લોકો અને મળતિયાઓ સામે ગાળિયો મજબૂત થવાની દહેશત છે અને ગમે તે ઘડીએ ગુન્હો નોંધાઈ ચકચારી હત્યાકાંડનો પર્દાફાશ થાય તો નવાઈ નહિ..!

કીર્તિ પટેલના જણાવ્યા અનુસાર, ડેમાઈ પંથકમાં જાણીતા એક ભુવાએ તેની દીકરીનું પ્રેમપ્રકરણ પસંદ ન હોવાથી થોડા દિવસ અગાઉ ભુવાએ તેના પરિવારના સભ્ય અને અન્ય શખ્સો સાથે મળી યુવતીનું કાસળ કાઢી નાખી મહિન્દ્રા કંમ્પનીની સફેદ કલરની બોલેરો જીપ છોટા હાથીમાં અંતિમ સંસ્કાર માટેનો માલસામાન ભરી વાત્રક નદીના કિનારે યુવતીના મૃતદેહને અગ્નિદાહ આપવામાં આવ્યો હોવાનું અને પુરાવાનો નાશ કરવા બંને ગાડીઓને પાણીથી ધોઈ ચુપચાપ ઘરે પહોંચી પોલીસની આંખમાં ધૂળ નાખવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હોવાથી પોલીસ તંત્રએ સમગ્ર હત્યાકાંડની તટસ્થ તપાસ કરવામાં આવે અને સરકાર ફરિયાદી બને તેવી માંગ કરી હોવાનું અને સમગ્ર પ્રકરણ બહાર લાવવા સોશ્યલ મીડિયાનો પણ સહારો લીધો હોવાનું જણાવ્યું હતું.

# કલોલમાં લગ્નજીવનના સમાધાન માટે છઠ્ઠી ઓક્ટોબરે કોર્ટ યોજાશે

ગાંધીનગર, તા. ૨૭

ગુરૂકૃપા એજ્યુકેશન ટ્રસ્ટ આજોલ દ્વારા લગ્નજીવનમાં પડેલ વિક્ષેપ-વિવાદના સમાધાન હેતુ કાઉન્સીલીંગની ઘોષણા (સોશીયલ કોર્ટ) તા. ૬ઠ્ઠી ઓક્ટોબરને રવિવારે સવારે દસથી એક સુધી કલોલ સુમનપાર્ક હાઉસિંગ સોસાયટીમાં યોજાશે. સુખમય જીવનની કામના અર્થે આપણી વ્યક્તિગત સમસ્યાના સમાધાન હેતુ રજીસ્ટ્રેશન કરવા સંપર્ક કરવો. ધીરજકુમાર રોહિત, મો.નં. ૭૮૭૪૮૪૭૦૦૭

**ટીંટોઈ નજીક જુગારીઓને બે ભેજાબાજ શખ્સો**

# પત્રકાર અને પોલીસ વહીવટદારના નામે ૪૦ હજાર ખંખેરી ગયાની ચર્ચા

અરવલ્લી જીલ્લામાં શ્રાવણીઓ જુગાર રમવાની મોસમ પૂર બહારમાં ખીલી છે ત્યારે ટીંટોઈ નજીક એક ખેતરમાં જુગાર રમતા શકુનિઓ પાસે પહોંચી બે શખ્સોએ પત્રકાર તરીકે ઓળખ આપી અને પોલીસ રક્ષણ માટે ૪૦ હજારથી વધુની રકમ ૨ થી ૩ હપ્તામાં ઉઘરાવી લીધા હોવાની ચર્ચા પત્રકાર આલમ અને પોલીસતંત્રમાં ચાલી રહી છે ત્યારે પોલીસના વહીવટદાર બની તોડ કરનાર બંને ભેજાબાજ શખ્સોએ પોલીસતંત્રની કામગીરી સામે પણ અનેક સવાલ ઉભા કર્યા છે.

અરવલ્લી જીલ્લા પોલીસતંત્રની કામગીરીથી કેટલાક શખ્સો જાણે અવગત હોય તેમ પોલીસતંત્રની આંખમાં ધૂળ નાખી પોલીસના કહેવાતા વહીવટદાર બની જીલ્લામાં ચાલતી અસામાજિક પ્રવૃતિઓ કરનાર શખ્સો પાસેથી હપ્તા લેતી અને ખાખી વર્દીનું રક્ષણ આપવાની બાંહેધરી અપાતી ચોક્કસ ટોળકી સક્રિય થતા પોલીસતંત્ર પણ અચંબિત બન્યું છે.

મોડાસા તાલુકાના ટીંટોઈ પંથકમાં એક ઓરડીમાં શ્રાવણીયો જુગાર રમતાં શકુનિઓ પાસે બે ભેજાબાજ શખ્સો પત્રકાર તરીકે ઓળખ આપી બિન્દાસ્ત જુગાર રમવા અને પોલીસ રક્ષણ આપવાની વાત કરી મોડાસા રૂરલ પોલીસ, જીલ્લા એલસીબી અને જીલ્લા એસઓજી પોલીસના નામે ૪૦ હજાર રૂપિયા માંગતા જુગારીઓ ગભરાઈ ઉઠ્યા હતા. આ સમયે જ જુગારની આજુબાજુ પોલીસજીપ રાઉન્ડમાં નીકળતા શકુનિઓને બંને ભેજાબાજ શખ્સોની વાત પર વિશ્વાસ આવતા તાત્કાલિક ૧૬ હજાર રૂપિયા આપી દીધા હતા. શકુનિઓએ આ બંને ભેજાબાજ શખ્સ પોલીસને જાણ કરી દેવાનો ભય પેદા થતા બીજા દિવસે ટીંટોઈ નજીક ખેતરની ઓરડીમાં જુગાર રમવા પહોંચતા ફરીથી આ બંને શખ્સો પહોંચી જઈ બે હપ્તામાં ૨૪ હજારથી વધુ રૂપિયા શકુનિઓ પાસેથી પત્રકારનો ડર અને પોલીસના રક્ષણના નામે ખંખેરી લીધા હોવાની ચર્ચાએ ભારે જોર પકડ્યું છે ત્યારે ટીંટોઈ પંથકમાં તોડ કરનાર બે ભેજાબાજ શખ્સો કોણ...? અંગે તરહ તરેહની ચર્ચાએ જોર પકડ્યું છે.

ટીંટોઈ પંથકના જાગૃત નાગરિકોમાં પોલીસતંત્રને બદનામ કરતા અને તેમની કામગીરી સામે પ્રશ્નાર્થ પેદા કરનાર તથા ચોથી જાગીદારી ગણાતા પત્રકારોની પ્રામાણિકતાને લાંછન લગાડનાર બંને ભેજાબાજ શખ્સોનો અસલી ચહેરો પોલીસતંત્ર તપાસ કરી બહાર લાવે તેવું ઈચ્છી રહ્યા છે.

## હેત વરસાવ્યું... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગયા હતા. ગ માર્ગ પર પણ એક વૃક્ષ જમીનદોસ્ત થયુ હતુ.શહેરમાં ઓગષ્ટના અંતે સિઝનનો મોટાભાગનો વરસાદ થઈ ગયો છે. જો કે હજુ સિઝનના સરેરાશ વરસાદની ઘટ છે. ત્યારે હવામાન નિષ્ણાંતોના મતે હજુ વરસાદ આવશે તેવી પણ સંભાવના વ્યકત કરવામાં આવી છે. શહેરમાં વરસાદી વાતાવરણના લીધે સેકટરોમાં અનેકવિધ દુવિધાઓ સ્થાનિક રહીશો માટે ત્રાસરૂપ બની છે. વરસાદી વાતાવરણના લીધે નગરમાં જન આરોગ્ય પણ જોખમાયુ છે. ત્યારે મચ્છર અને જીવાતના ઉપદ્રવને ડામવા માટે દવા છંટકાવની ઝુંબેશ હાથ ધરાય તેવી પણ માંગ પ્રબળ બની છે.

## જોખમી બ્લોક... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે હાલ સે-૬ માં પણ નવી ટાવર કોલોની બાંધવાનુ કામ ચાલી રહ્યુ છે. શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કેટેગરીના આવાસો પૈકી મોટાભાગના રહેણાંકને લાયક નથી ત્યારે કર્મચારીઓની વધતી પ્રતિક્ષા યાદી સામે આવાસો ફાળવવાનુ માર્ગ મકાન વિભાગ માટે મુશ્કેલ બન્યુ છે. આાગમી દિવસોમાં હજુ પણ શહેરમાં નવા ૫૬૦ જેટલા મકાનો બાંધવા માટે આયોજન કરી દેવાયુ છે. ત્યારે જુના અને કંગાળ મકાનો તોડીને જગ્યા ખુલ્લી કરીને નવી કોલોનીના નિર્માણ માટે સ્થળ પસંદગી કરાશે. જેને અનુલક્ષી હજુ પણ જુના આવાસોનો નિકાલ કરવા માટે આયોજન કરાયુ છે. જે અન્વયે તંત્ર દ્વારા સે-૬ માં જ કેટેગરીના ૮૪ બ્લોક તોડી નાંખવા માટે દરખાસ્ત કરવામાં આવી છે. સે-૬ માં કુલ ૫૦૪ સરકારી આવાસો તોડી નાંખી જગ્યા ખુલ્લી કરાશે જેને અનુલક્ષી વધુ નવા આવાસો માટે પણ સે-૬ માં જ સ્થળ પસંદગી કરવામાં આવે તેવી સંભાવના છે.

## સર્વે હાથ ધરાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હાલ વરસાદી સિઝન ચાલી રહી છે. ત્યારે રસ્તાના કામો બંધ છે. વરસાદના અંતે માર્ગ સુધારણાનુ કામ હાથ ધરાશે. આ ઉપરાંત શહેરમાં ઠેર ઠેર રસ્તાઓની સફાઈ પણ કરવામાં આવી રહી છે. વરસાદી સિઝનના અંતે શહેરમાં માર્ગ સુધારણા સહીત રસ્તા પરના ગાબડા પુરવા માટેની કામગીરી હાથ ધરાશે. ફુટપાથને પણ મરણપથારીએથી બેઠી કરવા માટે સર્વેના અંતે કામ શરૂ કરી દેવાશે. સુત્રોના જણાંવ્યા મુજબ વરસાદી ૠતુના અંતે શહેરમાં માર્ગ સુધારણાની કામગીરી ફુટપાથ રીપેરીંગના કામો પણ ઝડપથી હાથ ધરાશે. આ માટે સર્વે હાથ ધરવામાં આવશે.

## શેરબજાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જેના ભાગરુપે ધારણા પ્રમાણે જ તેજી રહી હતી. પીએસયુ બેંક માટે ૭૦૦૦૦ કરોડ રૂપિયાની જાહેરાત નાણામંત્રી દ્વારા કરવામાં આવી ચુકી છે જેના લીધે કેશફ્લોમાં વધારો થશે. સાથે સાથે તમામ પ્રકારની લોન સસ્તી થશે.



**ભિલોડા તાલુકામાં ૧૧૨ સ્થળોએ ગપ્પી માછલીઓ મુકાઈ**

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં આરોગ્ય કર્મચારીઓ ધ્વારા બાયોલોજીકલ કંટ્રોલની કામગીરી અંતર્ગત ૧૧૨ સ્થળોએ ગપ્પી માછલીઓ મુકાઈ હતી. અરવલ્લી જીલ્લા મલેરીયા અધિકારી, ભિલોડા તાલુકા આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ ભિલોડા તાલુકાના ૧૦ પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર ખાતેના વિવિધ વિસ્તારોમાં ગપ્પી માછલીઓ મુકવાની કામગીરી કરાઈ હતી.ચોખ્ખા સંગ્રહિત અને સ્થિર પાણીના સ્ત્રોતોમાં મચ્છરો ઈંડા મુકે છે. ઈંડામાંથી પોરા,પ્યુપા અને અંતમાં પુખ્ત મચ્છરો બને છે. ગપ્પી માછલી પોરા ખાય છે જેના કારણે મચ્છરો ઉપદ્રવ થતો નથી. બાયોલોજીકલ કંટ્રોલ કામગીરી અંતર્ગત પર્યાવરણની દ્રષ્ટીએ નુકશાનકારક નથી તેમ આરોગ્ય વિભાગના કર્મચારઓએ જણાવ્યું હતું. ગપ્પી માછલીનું સરેરાશ આયુષ્ય ૪ વર્ષનું હોય છે.બાયોલોજીકલ કંટ્રોલ કામગીરી લાંબાગાળા સુધી અસરકારક રહે છે. ગપ્પી માછલી ધ્વારા પોશનાશક કામગીરી ખુબ જ સરળ, અસરકારક હોય છે. વાહકજન્ય રોગ નિયંત્રણ,અટકાયતી કામગીરી અન્વયે ભંગાર(સ્ક્રેપ)ના વહેપારીઓ, જુના ટાયરાના વેપારીઓની મુલાકાત આરોગ્ય વિભાગના કર્મચારીઓએ મુલાકાત મેળવી આરોગ્ય વિષયક ચોમાસા સંદર્ભે માર્ગદર્શન આપ્યું હતું.

## જંગી સંપત્તિ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ચિદમ્બરમે કેટલાક દેશોમાં બેંક ખાતા ખોલાવ્યા હતા. ઈડી દ્વારા દાખલ કરવામાં આવેલી એફિડેવિટ મુજબ ચિદમ્બરમ અને સહ આરોપીએ આર્જેન્ટિના, ઓસ્ટ્રીય, બ્રિટીશ વર્જિન આઈસલેન્ડ, ફ્રાન્સ, ગ્રીસ , મલેશિયા, મોનાકો અને ફિલિપાઈન્સ, સિગાપોર સહિતના દેશોમાં સંપત્તિની સાથે સાથે બેંક ખાતાઓ પણ ખોલાવ્યા છે. શેલ કંપનીઓ મારફતે આ દેશોના બેંક ખાતામાં લેવડદેવડ પણ કરવામાં આવી છે. ચિદમ્બરમની અરજી પર ઈડી દ્વારા જોરદાર દલીલો કરવામાં આવી રહી છે. ઈડીએ આક્ષેપ કર્યો છે કે ચિદમ્બરમે પુરાવા અને સાક્ષીઓ સાથે છેડા કરવામાં આવ્યા છે. સાક્ષી પર પ્રભાવ જમાવવાના પ્રયાસ પણ કરવામાં આવ્યા છે. મળેલી માહિતી મુજબ ચિદમ્બરમ ઉપર સકંજો મજબૂત કરવામાં આવ્યા બાદ તેમના પુત્ર કાર્તિ ચિદમ્બરમ ઉપર પણ સકંજો વધુ મજબૂત કરવામાં આવી શકે છે. કાર્તિ ચિદમ્બરમની ધરપકડ થવાના પણ ભણકારા વાગી રહ્યા છે. કાર્તિને હાલમાં મદ્રાસ હાઈકોર્ટ તરફથી રાહત મળેલી છે. ચિદમ્બરમના વકીલોનું કહેવું છે કે, તેઓ તપાસમાં સહકાર કરી રહ્યા છે. આના વિરુદ્ધમાં ઈડીના અધિકારીઓનું કહેવું છે કે, પૂર્વ નાણામંત્રીનું વલણ સહકારવાળું રહ્યું નથી. એન્ટી મની લોન્ડરિંગ એજન્સીનું કહેવું છે કે, વર્તમાન પુરાવા આ અંગેના સંકેત આપે છે કે, ચિદમ્બરમે વિદેશમાં પણ મોટાપાયે સંપત્તિ બનાવી છે. વર્તમાન પુરાવા દર્શાવે છે કે, મની લોન્ડરિંગના અપરાધમાં ચિદમ્બરમ પ્રત્યક્ષ અથવા પરોક્ષરીતે સીધીરીતે ભાગીદાર રહ્યા છે.

## ટેસ્ટ કરવા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આપવા માટે અપીલ કરવામાં આવી છે. સિબ્બલે કહ્યું હતું કે, આ લેખિત નિવેદનથી જાણી શકાશે કે ચિદમ્બરમે પુછપરછ દરમિયાન કોઈ પ્રશ્નોના જવાબ ટાળવાના પ્રયાસ કર્યા હતા કે કેમ. ઈડી દ્વારા એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે, ચિદમ્બરમને કસ્ટડીમાં લેવા માટે ઈડી પોતાની ઈચ્છાશક્તિથી કોઈ દસ્તાવેજો રજૂ કરી શકે નહીં. સિબ્બલે કહ્યું છે કે, અચાનક દસ્તાવેજો રજૂ કરવામાં આવી રહ્યા છે અને કહી રહ્યા છે કે, આ કેસ ડાયરીના એક હિસ્સા તરીકે છે. મિડિયા રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, ઈડીની એફિડેવિટમાં ચિદમ્બરમે પોતાના જવાબમાં કહ્યું છે કે, ઈડી દ્વારા જે સંપત્તિ અને બેંક ખાતાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે તમામ કાયદેસરના છે. સીબીઆઈ આઈએનએક્સ મિડિયા કેસમાં ચિદમ્બરમને આરોપી બનાવી શકે છે. એવા અહેવાલ પણ છે કે, કોર્ટ ચિદમ્બરમના લાઈવ ડિટેક્ટ ટેસ્ટ પણ કરી શકે છે. સુત્રોના કહેવા મુજબ પુછપરછમાં ચિદમ્બરમ હાલ ટાળવા મુજબના જવાબ આપી રહ્યા છે. ચિદમ્બરમ આઈએનએક્સ મિડિયા ભ્રષ્ટાચાર અને મની લોન્ડરિંગ કેસમાં હાલમાં સીબીઆઈ કસ્ટડીમાં છે. દિલ્હીની ખાસ સીબીઆઈ કોર્ટે સોમવારના દિવસે તેમની કસ્ટડીની અવધિને ૩૦મી ઓગસ્ટ સુધી વધારી દીધી હતી. ચિદમ્બરમની વચગાળાની જામીન અરજી રદ કર્યા બાદ દિલ્હી હાઈકોર્ટે ૨૦મી ઓગસ્ટના ચુકાદાની સામે દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી કરી રહી છે. સીબીઆઈએ ૧૫મી મે ૨૦૧૭ના દિવસે એક કેસ દાખલ કર્યો હતો.

## મુશળધાર વરસાદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

દિવસ મધ્યમથી સામાન્ય વરસાદ પડી શકે છે તેવી આગાહી હવામાન વિભાગ દ્વારા વ્યકત કરવામાં આવી છે. દરમ્યાન ગુજરાત રાજયમાં અત્યાર સુધી ૫૧ તાલુકાઓમાં ચોમાસાની સીઝનનો ૪૦ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. રાજયના ૧૧૫ તાલુકાઓમાં ૨૦ ઈંચથી ૪૦ ઈંચ, ૮૧ તાલુકાઓમાં ૧૦થી ૨૦ ઈંચ અને ૬ તાલુકાઓમાં ૫થી ૧૦ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. સમગ્ર રાજયમાં સીઝનનો સૌથી વધુ વરસાદ દક્ષિણ ગુજરાતમાં ૬૦ ઈંચથી વધુ નોંધાયો છે. રાજ્યમાં ગત વર્ષની સરખામણી આ વર્ષે સરેરાશ ૯૧ ટકાથી વધુ સારો વરસાદ નોંધાયો છે. જૂન મહીનામાં ૪ ઈંચ, જુલાઈ મહીનામાં ૯ ઈંચ અને સૌથી વધુ ઓગસ્ટ મહીનામાં ૧૭ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. આવી રીતે સીઝનનો કુલ ૩૦ ઈંચ જેટલો સરેરાશ વરસાદ નોંધાયો છે. ફરી એકવાર વરસાદી સીસ્ટમ સક્રિય બનતા ખેડૂતોને વાવણી માટે ખૂબ ફાયદાકારક બની રહેશે. હવે ચોમાસાની પૂર્ણાહુતિ થવાના આરે છે ત્યારે વરસાદી સીસ્ટમ સક્રિય બનતા ગુજરાતને પાંચ દિવસ સારો વરસાદ મળશે અને પાંચ દિવસ બાદ પણ વધુ એક સીસ્ટમ સક્રિય થાય તો તેની અસર પણ જોવા મળે. મેઘરાજાએ આજે મધ્ય ગુજરાત અને તેની આસપાસના પંથક-વિસ્તારોમાં જોરદાર મહેર વરસાવી હતી. જેમાં છોટાઉદેપુર પથંકમાં ભારે અનએ ધોધમાર વરસાદ નોંધાયો હતો.